# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-04-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

1) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં 730 બેઠક બિનહરીફ જાહેર.
2) ગુજરાત વડી અદાલતે આસારામ આશ્રમ અમદાવાદની અપીલ ફગાવતા મોટેરામાં 45 હજાર ચોરસ મીટરથી વધુની જમીન ખાલી કરાવાશે.
3) RTE હેઠળ પ્રવેશ મેળવવા માટેની આગામી 23 તારીખ સુધી અરજી કરી શકાશે.
4) રાજ્ય પોલીસે PIT NDPS અધિનિયમ હેઠળ વધુ પાંચ આરોપીની અટકાયત કરી જેલહવાલે કર્યા.
5) રાજ્યમાં બે દિવસ બાદ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત કેટલાક વિસ્તારમાં માવઠાની આગાહી.
6) IPLમાં ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો.

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# LOCAL BODIES BINHARIF

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 730 બેઠક બિનહરીફ જાહેર થઈ છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, 15 મહાનગરપાલિકામાં 43 બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ થયા છે. જ્યારે નગરપાલિકામાં 370 બેઠક પર ભાજપ,12 બેઠક પર કોંગ્રેસ અને ત્રણ બેઠક પર અપક્ષ ઉમેદવાર બિનહરીફ થયા. તો, જિલ્લા પંચાયતમાં બિનહરીફ થયેલી 51 બેઠક ભાજપના ફાળે આવી છે. ઉપરાંત તાલુકા પંચાયતમાં તમામ 251 બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

# EVE ELECTION CAMPAIGN

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે રાજકીય પક્ષના નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. વાપીમાં ભાજપ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો. તેમાં રમતગમત સંકુલ, અદ્યતન બગીચા, તળાવ વિકાસ અને વિમાનમથક જેવી સુવિધાઓ ધરાવતા આધુનિક શૌચાલયોના નિર્માણનો ઉલ્લેખ કરાયો છે. નાણામંત્રી કનુ દેસાઈએ વિઝન વાપીના નામની પુસ્તિકા લૉન્ચ કરી હતી.

જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મોરબીના સનાળામાં કમલમ્ ખાતે ઉમેદવારો અને કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી. તેમણે ચૂંટણીલક્ષી વિવિધ બાબતો અંગે ચર્ચા કરી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું.

અગાઉ ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકામાં વિકાસ સંકલ્પ સભા સંબોધી લોકો સાથે સંવાદ કર્યો.

બીજી તરફ, આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ દ્વારકામાં વેરાડ ખાતે ઉમેદવારોના સમર્થનમાં ઘરેઘરે જઈ પ્રચાર કર્યો. જ્યારે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ અમરેલીના વિરપુર ખાતે પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ગ્રામજનો સાથે ખાટલા બેઠક યોજી હતી. તો, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભરૂચના રાજપારડી ખાતે ઘરે ઘરે જઈને પ્રચાર કર્યો હતો.

# MORBI  ELECTION

મોરબીમાં આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન માટે 800થી વધુ મતદાનમથક તૈયાર કરાયા છે. મહાનગરપાલિકા બન્યા બાદ પહેલી વાર મોરબીમાં આ વખતે ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ અંગે અમારા પ્રતિનિધિ રવિ મોટવાણીનો અહેવાલ સાંભળીએ

**(VOICECAST: RAVI MOTVANI)**

# LOCAL BODIES ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય હલચલ જોવા મળી રહી છે. અમરેલીમાં પણ આ વખતે જિલ્લા પંચાયતની તમામ 34 બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણ પક્ષ મેદાનમાં હોવાથી ચિત્ર સ્પષ્ટ થયું છે. દરમિયાન રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર તેજ કર્યો છે.

# ELECTION COMMISSION VC

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આજે તમામ જિલ્લાના કલેક્ટર્સ સાથે વીડિયો કૉન્ફરન્સ યોજાઈ. તેમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી દરમિયાન ચાલી રહેલી પ્રક્રિયા અને ફરિયાદ અંગેની સમીક્ષા કરવામાં આવી. આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર ડૉક્ટર એસ. મુરલીકૃષ્ણન, ગૃહ સચિવ સહિતના અધિકારીઓ, જિલ્લા ચૂંટણી, નાયબ ચૂંટણી અધિકારી તથા પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# HIGH COURT JUDGEMENT

ગુજરાત વડી અદાલતે અમદાવાદમાં આસારામ આશ્રમ દ્વારા દાખલ કરાયેલી અપીલને ફગાવતા મોટેરા વિસ્તારમાં 45 હજાર ચોરસ મીટરથી વધુની મુખ્ય જમીન ખાલી કરાવાશે. અદાલતના આદેશ બાદ આ જમીન પરત લેવા રાજ્ય સરકારનો માર્ગ મોકળો થયો છે. વડી અદાલતના બે જજની ખંડપીઠે આસારામ આશ્રમ ટ્રસ્ટને વચગાળાની કોઈ રાહત આપવાનો પણ સ્પષ્ટ ઈનકાર કર્યો છે. આશ્રમની અપીલ ફગાવતા ખંડપીઠે નોંધ્યું કે, આસારામ આશ્રમે વારંવાર શરતોનો ભંગ કર્યો અને જાહેર જમીન પર દબાણ કર્યું છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે, આ જમીન પરત લેવા અમદાવાદ જિલ્લા કલેક્ટરના હુકમ બાદ આશ્રમે કાનૂની રાહ અપનાવી હતી. બાદ નોટિસો, નિરીક્ષણો અને 20થી વધુ સુનવણીઓ સહિતની સખત પ્રક્રિયા બાદ અદાલતે આ સંદેશ આપ્યો છે.

# RTE ADMISSION

શૈક્ષણિક વર્ષ 2026-27માં ભણવાના અધિકાર – R.T.E. હેઠળ શાળાઓમાં પ્રવેશ માટે ઑનલાઈન અરજી ભરવાની છેલ્લી તારીખ લંબાવીને 23 એપ્રિલ કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, અગાઉ આજના દિવસે 17 એપ્રિલે અરજી કરવાની છેલ્લી તારીખ હતી, પરંતુ હવે આગામી 23 તારીખ સુધી વેબપોર્ટલ પર RTE પ્રવેશ માટે ઑનલાઈન અરજી કરી શકાશે.

# DRUGS ACCUSED ARREST

રાજ્ય પોલીસે નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થોના ગેરકાયદેસર ટ્રાફિક નિવારણ અધિનિયમ - PIT NDPS હેઠળ વધુ પાંચ આરોપીની અટકાયત કરી તેમને વિવિધ જેલમાં મોકલ્યા છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય પોલીસ વડા ડૉક્ટર કે. એલ. એન રાવના આદેશ મુજબ, કેફી પદાર્થ વિરોધી કાર્યદળ – ANTF અને C.I.D. ક્રાઈમની ટીમે રાજકોટ શહેર, અરવલ્લી, બનાસકાંઠા, નવસારી અને જુનાગઢ જિલ્લાના આ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્ય પોલીસના જણાવ્યા મુજબ,, PIT NDPS અધિનિયમ હેઠળ આવા લોકોને પૂર્વગામી અટકાયત હેઠળ રાખી શકાય છે, જેથી તેઓ કેફી પદાર્થોના વેચાણ, ખરીદી, પરિવહન અથવા સંગ્રહ જેવી પ્રવૃત્તિઓમાં ફરી ન જોડાય. જેલમુક્ત થયા પછી પણ આવા લોકો ફરી કેફી પદાર્થોનાં વેચાણ અથવા તેના કારોબારમાં ફરી વખત સક્રિય થઈ શકે તેમ છે, તેવા સમયે આ કાર્યવાહી કરાય છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................................

DESK

# NIRJA GUPTA ON WOMEN BILL

ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ ડૉક્ટર નીરજા ગુપ્તાએ નારીશક્તિ વંદન અધિનિયમ અને મહિલાઓ માટે 33 ટકા અનામતની જોગવાઈને વર્તમાન સમય માટે જરૂરી ગણાવી. આ અંગે પ્રતિક્રિયા આપતાં વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું.

**(BYTE: DR. NIRJA GUPTA, VICE CHANCELLOR, GUJARAT UNIVERSITY)**

# REV WEATHER UPDATE

રાજ્યમાં આ 19 તારીખ સુધી ગરમી યથાવત્ રહી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનથી દક્ષિણ-પશ્ચિમ મધ્યપ્રદેશ સુધી હવાનું ઓછું દબાણ ધરાવતી એક રેખા પસાર થઈ રહી છે. તેના કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર થવાની સંભાવના છે. દરમિયાન 19થી 21 તારીખ વચ્ચે સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની પણ આગાહી હોવાનું શ્રી શર્માએ ઉમેર્યું હતું.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AHMEDABAD)**

# REV IPL MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે આ મેચ શરૂ થશે. હાલમાં મળતા અહેવાલ મુજબ, અજિંક્ય રહાણેની આગેવાની હેઠળની કોલકાતાની ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

દરમિયાન આજે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા રાત્રે સાડા 12 વાગ્યા સુધી કાર્યરત્ રહેશે. ગુજરાત મેટ્રો રેલ નિગમ – GMRC દ્વારા આ નિર્ણય કરાયો છે.

# BHARUCH ACCIDENT

ભરૂચમાં આજે એકસાથે ત્રણ વાહનના અકસ્માતમાં એક મહિલાનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, આમોદની સમા ચોકડી પાસે કાર, ટ્રેક્ટર અને મોટરસાઈકલ વચ્ચે ટક્કર થતાં વાગરા તાલુકાનાં એક મહિલાનું મોત નીપજ્યું છે. જ્યારે મોટરસાઈકલ પર સવાર ત્રણ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા તેમને આમોદ રેફરલ હૉસ્પિટલ ખસેડાયા છે.

# RAJKOT TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વડોદરા–જામનગર ઇન્ટરસિટી આવતીકાલે અને જામનગર-વડોદરા ઇન્ટરસિટી ટ્રેનને 19 તારીખે રદ કરવામાં આવી છે. જ્યારે સિકંદરાબાદ–રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ 19 તારીખે વડોદરા ડિવિઝનમાં 45 મિનિટ મોડી ચાલશે.

બૂલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત ગેરતપુર–અમદાવાદ રેલખંડ પર એક ગર્ડર સ્થાપિત કરવા જરૂરી કામગીરી માટે બ્લોક લેવાશે. તેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી આ ટ્રેનને અસર થશે, તેમ રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ વિભાગીય વાણિજ્યિક મેનેજર સુનિલકુમાર મીનાએ જણાવ્યું

# NAVSARI MARINE CHECKING

નવસારીમાં સમુદ્રી કાર્યદળ દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે. રાજ્યની દરિયાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવવાના હેતુસર કાર્યદળ દ્વારા ગણદેવીના ભાટ ગામમાં સમુદ્રી કમાન્ડોની ટુકડીઓએ સંયુક્ત રીતે દરિયાકાંઠાના વિસ્તારમાં શંકાસ્પદ વ્યક્તિ, વાહનો, હોડીઓ અને અવાવરું જગ્યાએ તપાસ કરવામાં આવી.